ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગુજરાતના સૌથી વધુ ૧૧૦ વર્ષની વયના 'કમળા બા' ગાંધીનગરમાં ખુશહાલ



## પાંચ પેઢી જોઈ ચુકેલા 'કમળા બા' ૩૭ સભ્યોના પરિવારના મોભી છે

ગાંધીનગર, તા. ૧૭

જીંદગી બહુત કુછ શિખાતી હૈ, કભી હસાતી હૈ, તો કભી રૂલાતી હૈ પર જો હર હાલ મેં ખુશ રહતે હૈ જીંદગી ઉનકે સામને સર ઝુકાતી હૈ... આવી જ એક જીંદાદીલીની મિશાલ સમા ગુજરાતમાં સૌથી વધુ વય ધરાવતા ૧૧૦ વર્ષના માજી ગાંધીનગરના આંગણે ખુશહાલ અને તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે અને અન્યો માટે પ્રેરણારૂપ બની રહ્યા છે.



ગાંધીનગર નજીક આવેલા સરગાસણ ગામની સીમમાં સિધ્ધરાજ ઝોલ્ડમાં પરિવાર સાથે રહેતા ૧૧૦ વર્ષના માજી કમળા બા ને જીવન સામે કોઈ ફરિયાદ નથી. બાળકોને ભણાવી ગણાવી પગભર બનાવનાર 'કમળા બા'નો પરિવાર જુદા જુદા શહેરોમાં સુખમય જીવન વિતાવી રહ્યો છે. તેમનો નાનો પુત્ર અને પુત્રવધુ માજીની સંભાળ અને સેવા માટે અમેરિકા છોડી અહીં તેમની સાથે રહેવા આવી ગયા છે.

સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના કરદેજ ગામે વર્ષ ૧૯૦૪ માં સોની પરિવારમાં કમળા બા નો જન્મ થયો હતો. ૧૬ વર્ષની યુવા વયે કમળાબેનના પિતાએ આણંદ જિલ્લાના સામરખા ગામે સોનાચાંદીનો વ્યવસાય કરતા વ્રજલાલ સોની સાથે દાંપત્ય જીવનની દોર બાંધી આપી હતી. કમળાબેન અને વ્રજલાલ સોનીના દાંપત્યજીવનમાં એક પછી એક સંતાન સુખ મળતું ગયું ને ઘર બાળકોની કીકીયારીઓથી ગુંજી ઉઠ્યું. સંયુક્ત પરિવારમાં રહેતા કમળાબેનના ચાર દિકરા ને ચાર દીકરીઓ મોટા થવા લાગ્યા. નિરીક્ષક હોવા છતાં પણ કમળાબેને તમામ દિકરા અને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ અપાવી પગભર બનાવ્યા. તમામ દિકરા-દીકરીઓના લગ્ન સંબંધ કરાવી લગ્ન જીવનની શરૂઆત કરાવી આપી. વર્ષો સુધી આણંદના નાનકડા ગામ સામરખામાં જીંદગી વિતાવી ચૂકેલા કમળાબેનના ચાર દિકરા પૈકી સૌથી મોટા દિકરા હયાત નથી. જ્યારે બીજા દિકરા નિવૃત્ત આચાર્ય છે. જે હાલ સામરખામાં સોનીના વ્યવસાય સાથે જોડાયેલા છે. ત્રીજો દિકરો સુરતમાં આયુર્વેદીક ડૉક્ટર છે. નાનો દિકરો અમેરીકામાં ડલાસ ખાતે રહે છે.

પહેલેથી જ સુખી સંપન્ન પરિવારમાં ઉછરેલા કમળાબેનના ચાર દિકરા ચાર દીકરી પૈકી સૌથી મોટી દીકરી ઈચ્છાબેન ૯૨ વર્ષની જૈફ વયે અમદાવાદના નરોડા ખાતે નિવાસ કરે છે. જ્યારે નાનો દિકરાની વય ૭૭ વર્ષની છે. કમળાબા હાલ પાંચમી પેઢીના ૩૭ સભ્યોના પરિવારના મોભી છે. જીંદગીમાં સતત અને સખત સંઘર્ષ કરનાર

### સૌથી નાના દિકરાની વય ૭૭ વર્ષની છે

કમળાબા અને વ્રજલાલ સોની પરિવારમાં જાણે ભગવાને લાંબા જીવનકાળના આશીર્વાદ આપ્યા હોય તેવો સંયોગ ઘડાયો છે. સોની પરિવારમાં વ્રજલાલ સોની ૧૦૮ વર્ષ નિધન પામ્યા હતા. જ્યારે કમળા બા ૧૧૦ વર્ષના છે. તો તેમની મોટી દીકરી ૯૨ વર્ષ ને મોટો દિકરો ૯૦ વર્ષનો છે. જ્યારે વચેટ દિકરો ૮૮ વર્ષનો છે. અને સૌથી નાનો દિકરાની વય ૭૭ વર્ષની છે. અને તમામ સુખી અને તંદુરસ્ત જીવન વિતાવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# સિગ્નેચર બ્રિજ ૨૦૧૫માં તૈયાર થશે

## સિન્ગેચર બ્રિજ પાછળ આજસુધી ૪૦ કરોડ ખર્ચાયા : નમૂનારૂપ કેબલ સ્ટેઈડ બ્રિજ તૈયાર થતા બિઝનેસ હબ તરીકે વિકસતા ગીફ્ટસિટીનું નારોલ - નરોડા હાઈવે સાથે જોડાણ થશે

ગાંધીનગર, તા. ૧૭

સાબરમતી નદી પર ગીફ્ટસીટી તથા રાયસણ ઈન્સ્ટીટયુટ ઝોનને જોડતા સિગ્નેચર બ્રિજનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. નમૂનારૂપ સિગ્નેચર બ્રિજના નિર્માણ પાછળ અત્યાર સુધીમાં ૩૮૨૩.૮૮ લાખ નો ખર્ચ થયો છે. જયારે ૧૮ મીટરની પહોળાઈના બ્રિજને અનુલક્ષી -થમ તબક્કામાં સ્લેબનું કામ ચાલી રહ્યું છે. આગામી વર્ષ-૨૦૧૫ સુધીમાં આ કાર્યયોજના પૂર્ણ કરી દેવાશે. જેના પરિણામે ગીફ્ટસિટીના જોડાણ માટે નમૂનારૂપ બ્રીજ માધ્યમ બનશે. બિઝનેસ હબ તરીકે ઉભરતા ગીફ્ટસીટીને અનુલક્ષી હાથ ધરાયેલી આ કામગીરીના અંતે પીડીપીયુ થી ગીફ્ટસીટી-કોબા હાઈવે તેમજ નેશનલ હાઈવે સાથે જોડાણ મળી રહેશે.

ગાંધીનગર નજીક રાયસણ પાસે અસ્તિત્વમાં આવતા ગીફ્ટસીટીને અનુલક્ષી તોતિંગ ટાવરો ઉભા કરવામાં આવી રહ્યા છે. બિઝનેસ હબ બનતા આ વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે ગીફ્ટસીટીને જોડાણ આપવા નમૂનારૂપ સિગ્નેચર બ્રીજનું કામ પણ હાલ -ગતિ હેઠળ છે. સિગ્નેચર બ્રિજના નિર્માણ માટે ૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે વર્ષ-૨૦૧૪ મે મહિનાના અંત સુધીમાં બ્રીજ નિર્માણની કામગીરી પાછળ રૂ.૩૮.૨૩ કરોડનો ખર્ચ કરી દેવાયો છે. જેમાં હાલ પ્રથમ ગાળાના સ્લેબ તેમજ રાયસણ તરફના એપ્રોચનું કામ પ્રગતિ હેઠળ છે. બિઝનેસ હબ બનવા જતા ગીફ્ટસીટીને અનુલક્ષી વિશેષરૂપે આ બ્રિજનું કામ હાથ ધરાયું છે. ૧૮ મીટરની કુલ પહોળાઈના બ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ-૨૦૧૫ માં સિગ્નેચર બ્રીજ તૈયાર થઈ ગયા બાદ ગીફ્ટસીટી સુધી પહોંચવા નવું જોડાણ મળશે. તેમજ વાહન વ્યવહારમાં પણ સરળતા રહેશે. આ સિગ્નેચર બ્રિજના લીધે પીડીપીયુ થી ગીફ્ટસીટી તેમજ નારોલ-નરોડા નેશનલ હાઈવેનું જોડાણ ઉપલબ્ધ થશે. ગીફ્ટસીટીને કનેક્ટીવીટી પૂરી પાડવા સિગ્નેચર બ્રિજનું અસ્તિત્વ મહત્વનું બની રહેશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરના ૨૬ કી.મી. વિસ્તારમાં ફૂટપાથનુ નવુ નેટવર્ક ઉભુ થશે

## ૯૬ કી.મી.ના રોડ નેટવર્ક આસપાસ ફૂટપાથ બની ગઈ છે : બાકીનુ કામ પણ હાથ ધરાયું : ૫ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં પૂટપાથ નિર્માણની બાકી કામગીરી પૂર્ણ કરવા કામ શરૂ કરી દેવાયું છે. શહેરના મુખ્ય માર્ગો સહીત સેક્ટરોના એપ્રોચ આસપાસ ફૂટપાથ નિર્માણની તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી હતી. અત્યાર સુધી ૯૬ કી.મી.ની ફૂટપાથનું નેટવર્ક ઉભુ કરાયું છે જ્યારે બાકી ૨૬ કી.મી.ના રોડ નેટવર્ક આસપાસ પણ ફૂટપાથની આભા ઉભી કરવામાં આવશે.

શહેરમાં ૬૧૪ કી.મી.ના રોડ નેટવર્કને અનુલક્ષી સમયાંતરે માર્ગ નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે જ્યારે હાલ માર્ગ સુધારણાને લઈ મોટાભાગની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. બીજીતરફ શહેરમાં હવે ફૂટપાથ નિર્માણની બાકી કામગીરી પૂર્ણ કરવાનું કામ શરૂ કરી દેવાયુ છે. નગરના આડા અને ઉભા માર્ગો પર તબક્કાવાર ફૂટપાથ નિર્માણનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જેના અંતે હાલની સ્થિતિએ શહેરના ૯૬ કી.મી. વિસ્તારમાં ફૂટપાથનું નેટવર્ક પથરાયેલું છે. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા ફૂટપાથ નિર્માણની બાકી કામગીરી સંદર્ભે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જ્યારે શહેરના રોડ નં. ૧ 'ખ' માર્ગનો અમુક ભાગ ઈન્ફોસિટી તરફના રસ્તા સહીત ફૂટપાથની બાકી કામગીરી માટે આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના ૨૬ કી.મી.ના રોડ નેટવર્ક આસપાસ વધુ ફૂટપાથ નિર્માણની કામગીરી બાકી છે. જેને પૂર્ણ કરવા તંત્ર દ્વારા કામ શરૂ કરી દેવાયું છે. આ કામગીરી પાછળ રૂ. ૫ કરોડનો ખર્ચ થશે. યોગ્ય જાળવણી અને લોકજાગૃતિના અભાવે ફૂટપાથનું અસ્તિત્વ જોખમાઈ રહ્યું હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. ફૂટપાથ પર આમ નાગરિકો વાહનો ચઢાવી દેતા ઘણા ઠેકાણે ગાબડા અસ્તિત્વમાં આવી રહ્યા છે.

# ડૉ. કમલા સાથે માતૃતુલ્ય સંબોધન નહિ વ્યવહાર પણ દાખવો : વાઘેલા

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતના રાજયપાલ ડૉ. કમલાએ તેમના હોદ્દા પરથી રાજીનામું આપ્યાની અફવાએ આજે ભારે જોર પકડયું હતું. જો કે તેમણે કોઈ રાજીનામુ નહિ આપ્યાનું રાજભવનના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.



દરમિયાન વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ આજે વિધાનસભા ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે મહામહીમ રાજયપાલશ્રીને જાહેરમાં માતૃતુલ્ય લેખાવતા ભાજપના નેતાઓએ તેમની સાથે તેવો જ વ્યવહાર કરવો જોઈએ.

રાજીનામાના મુદ્દે તેઓ મૌન રહ્યા હતા. શ્રી વાઘેલાએ આજે ગુજરાતમાં ભાજપની સરકાર પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સત્ર દરમિયાન અમે સરકારની નિષ્ફળતાઓને છતી કરવાની એક પણ તક એળે નહિ જવા દઈએ.

# ગાંધીનગર શહેરની ૨૭ પ્રાથમિક શાળાઓમાં ૧૯મીથી પ્રવેશોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ- ૨૦૧૪નો શહેરી કક્ષાનો કાર્યક્રમ તા. ૧૯ થી ૨૧ જૂન, ૨૦૧૪ દરમ્યાન યોજાનાર છે. ગાંધીનગર શહેરમાં યોજાનાર શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ધોરણ - ૧માં ૮૯૫ બાળકોની -વેશવિધિ સંપન્ન કરાવવામાં આવશે. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે ગાંધીનગર શહેરમાં ૯ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ ૨૭ શાળાઓમાં યોજાનાર છે. શહેરી કક્ષામાં યોજાનાર શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમ્યાન શહેરીની વિવિધ શાળાઓમાં કુમાર- ૪૯૨ અને કન્યા ૪૦૨ મળી કુલ- ૮૯૫ વિદ્યાર્થીઓની ધોરણ-૧માં પ્રવેશવિધી સંપન્ન કરાવવામાં આવનાર છે. આ કાર્યક્રમ દરમ્યાન શહેરી ૧૨ કન્યાઓની વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે. શહેરી કક્ષા માટે નક્કી કરેલ ૯ રૂટમાં રાજય કક્ષાના ૩ અધિકારશ્રીઓ અને ૨ પદાઅધિકારીશ્રીઓ સમાવેશ થાય છે. ગાંધીનગર શહેરમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમ્યાન નર્મદા વોટર રિસોર્સ સપ્લાય એન્ડ કલ્પસર વિભાગના અગ્ર સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા, અર્બન ડેવલોપમેન્ટ એન્ડ અર્બન હાઉસિંગ ડિર્પા.ના સચિવ શ્રી મોના ખંધાર,

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગરના ધારાસભ્ય અશોક પટેલની સોમવારે સાંજે તબિયત અસ્વસ્થ થતાં સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા. સનસ્ટ્રોકના કારણે સ્વાસ્થ્ય પર અસર થઈ હોવાનું તબીબી સૂત્રો માને છે. મંગળવારે સાંજે તબિયત સુધારા પર હોવાનું જણાવાયું છે.

# નર્મદા યોજના અંગે શ્વેત પત્ર રજૂ કરવા શંકરસિંહની માંગ

## મોદી સરકારની જોરદાર ઝાટકણી કાઢી : નર્મદા યોજનાના બંધ પર દરવાજા મુકવા મામલે નિર્ણય પહેલા થયો હતો : ટેકનીકલ કારણથી જાહેરાત થઈ નહતી

અમદાવાદ, તા.૧૭

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ પત્રકાર મિત્રોને સંબોધતા જણાવ્યું હતું કે, સરદાર સરોવર નર્મદા યોજનાના ડેમ ઉપર દરવાજા મુકવાની બાબત છેલ્લા થોડા દિવસતી નર્મદા અવતરણ, ગંગા અવતરણ અંગે જાહેરાતોના માધ્યમથી બહાર આવ્યું છે અને નર્મદા યોજનાના બંધની ઉપર દરવાજા મુકવાની વાતો થઈ રહી છે. આમાં સૌથી પહેલા મારે સ્પષ્ટતા કરવી છે કે, ભારત સરકારનો આમાં કોઈ રોલ હોતો જ નતી. યુપીએ સરકાર વખતે આર એન્ડ આર માટે ભારત સરકારના વડાપ્રધાન ડો. મનમોહનસિંહ સામેથી જામીન થયા હતા. બાકી આ બધું જ કામ નર્મદા કંટ્રોલ ઓથોરીટી કરતી હોય છે. મહિનાઓ પહેલાં આ નિર્ણય થઈ ગયો હતો, પરંતુ ટેકનીકલ કારણોસર જાહેરાત કરવામાં આવી ન હતી. હમણાં જ આની જાહેરાત નર્મદા કંટ્રોલ ઓથોરીટી દ્વારા કરવામાં આવી. નર્મદા કંટ્રોલ ઓથોરીટીએ સુપ્રિમ કોર્ટની સુચનાથી ગઠીત થયેલી છે, એમાં કેન્દ્ર સરકાર કે અન્યનો કોી રોલ હોતી નથી, સંબંધિત રાજ્ય સરકારો પોતાનો પક્ષ રજુ કરી શકે.

સરદાર સરોવર નર્મદા યોજનાએ ભાજપ અને જયપ્રકાશ એસોસીએટ્સની જીવાદોરી છે. જયપ્રકાશ એસોસીએટ્સની ચડતીની શરૂઆત નર્મદા બંધમાંથી નાણાં કમાઈને થયેલી છે. આ જેપી એસોસીએટ્સ અને ભાજપની મીલીભગત દરવાજા મુકવાની બાબતમાંથી બહાર આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

**નોટીસ**

સાંચા કામ સબબે તારીખ ૨૦-૬-૧૪, શુક્રવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૦ છ-રોડ એપ્રોચ સબસ્ટેશન

૨. સેક્ટર-૧૯ છ-રોડ એપ્રોચ સબસ્ટેશન

સહી/-
ટોરેન્ટ પાવર લિમિટેડ

**દુકાન વેચવાની છે**

ચિલોડા સર્કલની બાજુમાં રોડ ટચ અક્ષર કોમ્પલેક્ષમાં દુકાન નં. ૧૦૯

સંપર્ક

૯૮૨૫૩ ૪૪૯૧૭

૯૯૭૯૨ ૩૩૬૨૭



વાદળો ગોરંભાયા -ગાંધીનગરના ગગનમાં નીત વાદળો ઘેરાય છે... વરસાદની આશા બંધાય છે... અને સાંજે વાદળો વિખરાય છે ને આશા ઠગારી નિવડે છે... આ ક્રમ છેલ્લા ત્રણ દિવસનો છે... અને હજુ ક્યારે પડશે...? કેટલો પડશે...? એની તો કોઈ કલ્પના જ નથી... બફારો વધતો જાય છે... હવે વરસાદ આવે અને વાતાવરણમાં ઠંડક પ્રસરે એમ ગાંધીનગરના સૌ રહેવાસીઓ પ્રાર્થી રહ્યા છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ઉદ્યોગોના રક્ષણ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ : નાણાંમંત્રી

## રાજ્યના ઉદ્યોગકારા-ઔદ્યોગિક સંસ્થાના પ્રતિનિધિઓ સાથે બજેટ અંગે વિચાર-વિમર્શ કરતાં મંત્રી સૌરભ પટેલ

ગાંધીનગર, તા.૧૭

રાજ્યના નાણામંત્રી સૌરભ પટેલે ગાંધીનગર ખાતે આગામી બજેટ સંદર્ભે રાજ્યના ઉદ્યોગકારોઅનેઔદ્યોગિક સંસ્થાના પ્રતિનિધિઓસાથેવિચાર-વિમર્શકર્યોહતો. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યના સ્થાનિક ઉદ્યોગોના રક્ષણને રાજ્ય સરકાર હંમેશા પ્રાથમિકતા આપે છે. મંત્રીએ જણાવ્યું હતું કે, બજેટને વધુમાં વધુ સરળ બનાવવાનો રાજ્ય સરકારનો પ્રયાસ છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, રાજ્યનું કર માળખું વધુમાંવધુસરળ બનેઅનેસમાજ કલ્યાણના આપણા ધ્યેય સરળતાથી સિદ્ધ કરી શકાય તેવા પ્રયાસોબજેટ દ્વારા કરાશે. મંત્રી સૌરભ પટેલે બજેટ પૂર્વેની આ બેઠકમાં ઉદ્યોગાકરો અનેઔદ્યોગિક સંસ્થાના પ્રતિનિધિઓદ્વારા મળેલા હકારાત્મક સુચનો પ્રત્યે રાજ્ય સરકાર વિશેષ ધ્યાન આપશે તેમ જણાવ્યું હતું આ બેઠકમાંરાજ્યના ઉદ્યોગકારોઅને ઔદ્યોગિક સંસ્થાના પ્રતિનિધિઓદ્વારા વિવિધ વિષયો બાબતે ચર્ચા કરાઈ હતી. જેમાં મુલ્યવર્ધિત કર-વેટ, સીએસટી, ટેક્સ પેનલ્ટી, રોજગારીમાં વૃદ્ધિના પ્રયાસો, લઘુ અને કુટિર ઉદ્યોગોને વિશેષ પ્રોત્સાહન, ગ્રામીણ વિસ્તારમાં ઉદ્યોગો સ્થાપવા માટે વિશેષ પ્રોત્સાહન, ટેક્સ ક્રેડિટ, આંતરરાજ્યના વેપારમાં ટેક્સ માળખું, ઈનપુટ ટેક્સ ક્રેડિટ, ઉત્પાદન થતા માલમાં ગુણવત્તાની જાળવણી, ઉચ્ચક વેપારની મર્યાદામાંવધારો, ઈ-પેમેન્ટ માટે વધુ બેંકોની સુવિદા જેવા અનેકવિધ પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરવામાંઆવી હતી.

**બેસણું**



અમારા પિતાશ્રી **અરવિંદભાઈ નાગરલાલ પંડ્યા** તા. ૧૫/૬/૨૦૧૪ને રવિવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્ગતનું બેસણું તા. ૧૯/૬/૨૦૧૪ને ગુરૂવાર સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : બ્રહ્મભવન, રંગમંચ સામે, સેક્ટર-૧૬, ગાંધીનગર

લિ.

જીગર અરવિંદકુમાર પંડ્યા (પુત્ર) નટવરલાલ નાગરલાલ પંડ્યા (ભાઈ) ભાવેશકુમાર નરેન્દ્રભાઈ જાની (જમાઈ)

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES Unbeatable! CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK500 TMT BARS - ISI

BENELAVE BATH FITTINGS | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com